Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

જેઠ

પુસ્તક ૭૨ મું
અંક ૮ મો
૧૦ મી જુન

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

जे पावकम्मेहिं धं मणूसा,
समाययंती अमइं गहाय ।
पहाय ते पासपयट्टिए नरे,
वेराणुबद्धा नरयं उविंति ॥ २ ॥

तेणे जहा संधिमुहे गहीए,
सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए,
कडाण कम्माण न मुक्खु अत्थि ॥ ३ ॥

અજ્ઞાનને વશ થઈને પ્રાણી પાપકાર્યો કરીને ધનોપાર્જન કરે છે પરન્તુ કર્મના પાશથી ઘેરાયેલા તેમ જ વૈરથી બંધાયેલા તે જીવો દ્રવ્યાદિકને અહીં જ મૂકીને નરકમાં જાય છે. નરકમાં જતા જીવની સાથે ધન જતું નથી પરંતુ મહારંભ અને મહાપરિગ્રહને લીધે જીવ પાપકર્મને જ સાથે લઈ નરકમાં જાય છે.

ચોરી કરતાં પકડાયેલો અને પાપકર્મ કરનારો ચોર જેમ પોતાના જ કાર્યથી–ચોરીથી પીડાય છે, કપાય છે તેમ જીવ પણ આ લોક તેમજ પરલોકમાં પોતાના કર્મ-વડે જ પીડા પામે છે કારણ કે કરાયેલાં કર્મો ભોગવ્યા સિવાય કદાપિ મુક્તિ થતી નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૪, શ્લોક ૨-૩

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

## અનુક્રમણિકા


૧ શ્રી આદિનાથ જિન સ્તવન .... .... ( મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી ) ૯૭
૨ કાયા કુટુંબની સજ્ઝાય .... ( સં૫ા. મુનિરાજશ્રી નેમવિજયજી ) ૯૮
૩ સમુદ્ર વહાણ સંવાદ : ૪ .... ( પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય ) ૯૯
૪ ઇતિહાસને અજવાળે .... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૧૦૨
૫ તીર્થંકર ભગવંતોના વર્ણવિશેષ .... ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) ૧૦૩
૬ પ્રશ્નપદ્ધતિ : : ૭ .... ( અનુ૦ આ. શ્રી વિજયમહેંદ્રસૂરિજી ) ૧૦૬
૭ પારિભાષિક શબ્દ-વિવરણ-છ-સાત સંખ્યા .... ( શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ ) ૧૦૭
૮ આત્મદર્શન .... ( મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મ. ) ૧૦૮
૯ જૈન ધર્મમાં દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ ....( શ્રી ખુબચંદ કેશવલાલ-સિરોહી ) ૧૧૦


### પૂજા ભણાવવામાં આવી

આપણી સભાના પરમ ઉપકારી પૂજ્ય શાન્તમૂર્તિ મુનિમહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે વૈશાખ શુદ ૮ ને ગુરુવારના રોજ સવારના નવ કલાકે તેઓશ્રીની મૂર્તિ સમીપે સામાયિકશાળામાં શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી, જે સમયે સભાસદો ઉપરાંત અન્ય ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

### પ્રતિષ્ઠા મહોત્સવ

અત્રેના શ્રી કૃષ્ણનગરના મૂળ જિનાલયમાં જે ત્રણ જિનબિંબો હતાં તે તથા બીજા બે જિનબિંબો મળી કુલ પાંચ જિનપ્રતિમાઓને કૃષ્ણનગરમાં જ નૂતન બંધાયેલા શ્રી મહાવીર જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત કરવા માટે અઠ્ઠાઈ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ચૈત્ર વદિ ૧૦ શનિવારથી મહોત્સવનો પ્રારંભ થયો હતો. પ્રતિદિન વિવિધ પૂજાઓ ભણાવવામાં આવતી હતી તેમ જ "પાવાપુરી" તીર્થની રચના કરવામાં આવી હતી, જેનો દર્શનનો હજારો ભાવુકોએ લાભ લીધો હતો.

વૈશાક શુદિ ત્રીજના રોજ સવારના નવ કલાકે (૧) શ્રી મહાવીરસ્વામી (૨) શ્રી અજિતનાથ (૩) શ્રી શ્રેયાંસનાથ (૪) શ્રી આદિનાથ અને (૫) શ્રી કુંથુનાથ- આ પાંચે જિન ભગવંતેને ગાદીનશીન કરવામાં આવ્યા હતા. બપોરના શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. આ મહોત્સવ દરમિયાન વિશાળ મંડપ ઊભો કરવામાં આવેલ તેમજ તેને ઇલેકટ્રીક રોશનીથી સુશોભિત કરવામાં આવ્યો હતો.

### વર્ષીતપના પારણા અંગે મહોત્સવ

પૂજ્ય સાધ્વીશ્રી લાભશ્રીજી મહારાજશ્રીના શિષ્યા પૂજ્ય સાધ્વીશ્રી કાંતાશ્રીજી મહારાજશ્રીના શિષ્યા સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજીએ કરેલ વર્ષીતપના પારણા અંગે અત્રે મોટા જિનાલયમાં સમવસરણની રચનાપૂર્વક ચૈત્ર વદી ૧૦ થી અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો હતો, જેમાં પ્રતિદિન વિધવિધ પૂજાઓ રાગ-રાગિણીથી ભણાવવામાં આવતી હતી. સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજીએ ગત અક્ષયતૃતીયાના રોજ સુખશાતાપૂર્વક પારણું કર્યું હતું.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૮૨ વિ. સં. ૨૦૧૨

## શ્રી આદિનાથ જિન સ્તવન

પ્રથમ તીર્થંકર

(શ્રી શ્રેયાંસ જિન અંતરજામી-એ રાગ)

આદિ જિનેશ્વર દેવદયાળુ, અનુપમ સુખના દાતા રે;
સેવિત સુરવર નરપતિઓથી, ભવસાગરથી ત્રાતા રે. આદિ. ૧
મૂર્તિ મોહનગારી મુખડું, મન સુખ હરનારું રે;
દર્શન નિર્મલ આનન્દકારી, શિવસુખને દેનારું રે. આદિ. ૨
શ્રીમન્નાભિકુલકર ગેહે, ઉપન્યા ઋષભકુમાર રે;
મરુદેવાના નંદ કહાયા, ગુણ ગણનો ભંડાર રે. આદિ. ૩
વાણી મીઠી સાકર સરખી, સુણતાં તૃપ્તિ ન હોય રે;
સુર નર તિરિ માનસના સંશય, પલમાં દૂર પલાય રે. આદિ. ૪
તન્મય ચિત્તે નિસુણી પ્રાણી, ક્રિયા તે અનુસારે રે;
જે આરાધે તે શિવરમણી, સુખસાગરમાં મ્હાલે રે. આદિ. ૫
દાન શિયલ તપ ભાવના ચારે, ધર્મના શુદ્ધ પ્રકાર રે;
તે વિણ જીવ રઝળે ચઉગતિમાં, સહેતો દુઃખ અપાર રે. આદિ. ૬
નિશ્ચલ શ્રદ્ધા રાખો નિત્યે, દેવ ગુરુ ને ધર્મમાં રે;
તે સમકિત ભાખ્યું જિનદેવે, મ પડો શંકા કૂપમાં રે. આદિ. ૭
ક્રોધ મદાદિક આન્તર શત્રુ, રાગ દ્વેષાદિક તેમ રે;
ભાવશુદ્ધિ તેને હણીને, લહીયે શિવપુર એમ રે. આદિ. ૮
વૃષભાંકિત મેરુ સમ ધીરા, પહેલા શ્રી જિનરાયા રે;
નેમિઅમૃતસૂરિ દેવચરણરજ, હેમચન્દ્ર ગુણ ગાયા રે. આદિ. ૯

—મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# *કાયા કુટુંબની સજ્ઝાય

[ સંપાદક:–પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મ. ]

( દેશી–અભિનંદનજિન દરિસણ તરસીયે )

[1]નાહલો ન માને રે કાંઈ કહ્યું માહરું રે, શોકી હસીને જોઈ,
[2]નણંદ બેહુ રે ઘણી અટારડી રે, [3]જેઠ જુવો મુજ હોઈ;
કિમ જાલવીયે રે કુટુંબ અટારડું રે, કરે મુજસ્યું નિત રોસ,
એકણ [4]ગામે વિહર સાસરું રે, બોલે મોલી મીલી દોસ. કિમ જાલવીયે. ૧

[5]જેઠાણી મુજ પર વશ થઈ ફીરે રે, [6]દેવરની નહી લાજ;
[7]દેરાણી અછે રે અતિ ઉછાછલી રે, માંડે વિરૂઉએ કાજ. કિમ જાલવીયે. ૨
[8]સસરો સુંહાલો રે બોલી નવિ શકે રે, [9]સાસુડીનો નહી વિસવાસ;
[10]પિહરી પિતા છે રે મુજ રોસીયો રે, [11]માડલી દેખાડે ત્રાસ. કિમ જાલવીયે. ૩
[12]ફુઓ બેઠો રે ખીખી બહુ કરે રે, [13]ફુઈડી લગાવે મુજરાવ;
પરઘરભંજક [14]મામો માહરો રે, [15]મામીનો ખોટો સભાવ. કિમ જાલવીયે. ૪
[16]માસી લૂટે રે ઘરમાંહિ પેસીને રે, [17]માસો દેખત લે જાઈ;
કામ કરાવે રે જોરે [18]ભાઈલો રે, [19]ભોજાઇ વઢવા રે ધાઈ. કિમ જાલવીયે. ૫
ફંદે પાડે રે [20]પિતરીઓ વલી રે, [21]પિતરાણી કમજાત;
[22]દાદો માહરો રે ધૂરથી લોભીયો રે, [23]દાદી કરે બહુ ઘાત. કિમ જાલવીયે. ૬
[24]બેટડી ન પાવે રે મુજને અતિ ઘણું રે, [25]જમાઇ કરે રે સંતાપ;
[26]બેટો રહે રે મુજસું રૂસણો રે, [27]વહુ રે દેરે સરાપ. કિમ જાલવીયે. ૭
નિરલજ રે [28]વહુઓ સહુ કહે રે, [29]વડીઆઈ વિકરાલ;
કોઇ ભલું નહી રે એણે કુટુંબડે રે, બોલે આલપંપાલ. કિમ જાલવીયે. ૮
ઈણિ [30]ગામે રે [31]દો ચોર નિત ફરે રે, તેણે સુખ નહીં લવલેસ;
એ મૂકીને રે જે અલગા રહ્યા રે, તે પુન્યવંત અસેસ. કિમ જાલવીયે. ૯
એ કહ્યો અર્થ અગોચરુ રે, સદ્‌ગુરુને આધાર;
કર જોડીને રે મુનિ દયાશીલ કહે રે, જોજો પંડિત વિચાર. કિમ જાલવીયે. ૧૦

---

* શ્રી શીતલનાથ જૈન જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થયેલ હસ્તલિખિત પાનાના આધારે.
૧ બાર ભાવનામાંથી અનિત્ય ભાવનાએ કરી કાયાને સ્ત્રીપણું ચિંતવી ભવ્ય પ્રાણી ભાવના ભાવે છે. કાયારૂપી સ્ત્રી, મનરૂપી ભરતારને કહે છે. ૨ નિદ્રા અને વિકથા. ૩ કપટ. ૪ સંસાર. ૫ પરવંચના. ૬ અવિવેક. ૭ કુમતિ. ૮ જીવ. ૯ ચેતના. ૧૦ દુષ્કર્મ. ૧૧ કુગતિ. ૧૨ દુષ્કર્મની બહેન તે વેદના અને તેનો ધણી શોક. ૧૩ વેદના. ૧૪ અહંકાર. ૧૫ માયા. ૧૬ તૃષ્ણા. ૧૭ લોભ. ૧૮ મોહ. ૧૯ ખરાબ શિખામણ. ૨૦ વિષય. ૨૧ કુસંગતિ. ૨૨ પાપકર્મ. ૨૩ હિંસા. ૨૪ ચિંતા. ૨૫ આળજંજાલ. ૨૬ અદોષ. ૨૭ નિરાશા. ૨૮ મિથ્યાત્વ. ૨૯ અવિરતિ. ૩૦ સંસાર. ૩૧ સંયોગ અને વિયોગ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સમુદ્ર–વહાણ સંવાદ

લેખાંક : (૪)

લેખકઃ–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

વહાણને ઉત્તર આપતાં સમુદ્રે કહ્યું કે–હે પોત–વહાણ! મારામાં ઘણાં ગુણો છે તે તું શું સમજે? મારો પુત્ર ચંદ્રમા જગતમાં બધે અજવાળું પાથરે છે. સુરપતિ અને નરપતિઓ મારા પુત્રના દેદારને–મુખને પામી સકતા નથી, એના જેવું એમનું વદન હોતું નથી. મહાદેવ પણ એને ઘરેણારૂપે માથે ધારણ કરે છે. બીજને દિવસે એ ઊગે છે ત્યારે રાણાઓ અને રાજાઓ તેને નમે છે. એની ઋદ્ધિ અને સમૃદ્ધિ દેખીને મુનિવરોનો હર્ષ મનમાં માતો નથી. ચાંદનીમાં મુનિઓ પણ મ્હાલે છે. મારો પુત્ર ચંદ્ર કિરણોદ્વારા અમૃતરસના પૂરને વરસાવે છે ત્યારે બળી ગયેલા કામવૃક્ષને પણ અંકૂર ફૂટે છે, એ જાગૃત થાય છે. મારા પુત્રની તાજી કાંતિ એ તો કંકુવર્ણી દૂતી છે. એ મનમાં શૃંગારને ઉત્પન્ન કરે છે અને માને ચડેલી સ્ત્રીના માનને હરી લે છે. કામનૃપતિના રાજ્યાભિષેકનો મારો પુત્ર એ કલશ છે. નીલકમલના ચિહ્નથી શોભતો એ અદ્વિતીય શોભે છે. મારા પુત્રનું મંડલ–ચંદ્રમંડલ એ સુન્દર સરોવર છે ને તેમાં રતિ સાથે કામદેવ આનંદમજ્જન કરે છે અને તેના ઊછળેલા જલબિન્દુઓ એ આ તારાઓ છે.

સાગરની વાત સાંભળીને વહાણે મોઢું પહોળું કરીને કહ્યું કે–હે સાગર! આ પુત્રની સમૃદ્ધિથી તો તમારી હાંસી થાય એમ છે. તમારો પુત્ર ઉચ્ચનો સંગ કરનારો છે. અને તમે પાપે રંગાએલા છો. મનોહર એવી પોતાની *ગોત્રજાને તમે અંગીકરી છે. તમે લોકોથી લાજતા નથી, અભિમાનથી ફુલાઈ જાવ છો છતાં ગાજો છો. પાપ કરીને પાપી માણસો ગાજે છે. પાપીઓને શરમ હોતી નથી.

તમારું આ બધું વિરૂપ વર્તન હૃદયમાં વિચારીને ચન્દ્ર–તમારો પુત્ર તમારાથી નાસીને આકાશમાં ચાલ્યો ગયો ને ત્યાં વસ્યો. તમારાથી એ દૂર થયો એટલે તે સુરનરવંદિત થયો. એ દ્વિજરાજ કહેવાય છે. એ અતિશય નિર્મલ છે. પોતાના ઉજળા ગુણો-વડે લોકમાં ચંદ્રમા પૂજાય છે. તમે મલ–મૂત્રથી ભરેલા ગંદા પાણીથી ભરેલી નદીઓને ભેટો છો માટે અપવિત્ર છો ને તેથી તમારા પુત્રે તમને ત્યજી દીધા છે. તમારો પુત્ર છેટો રહ્યો છે તેથી તેનો વિરહ–અગ્નિ તમને બાળે છે. તેને ભેટવા માટે ઉછળી ઉછળીને તમે તેના કિરણોને વળગો છો, પણ તમારા એટલા સંબંધને પણ ચંદ્ર સારો ગણતો નથી–ને તેથી તે પોતાને અપવિત્ર થયેલો માને છે માટે જ અંધારીયામાં કરવતે કપાતો ન હોય તેમ કપાય છે અને તેથી તે પવિત્ર બને છે. આમ તમારે અને ચંદ્રમાને એકપક્ષી સંબંધ છે. એવો પ્રેમ પ્રશંસનીય ન ગણાય. સજ્જનની જેમ એવો પ્રેમ અભંગ ન કહેવાય. તમારામાં તમારો પુત્ર ન રહ્યો તો સર્વગુણસમ્પન્ન થયો ને કોઈ અવગુણ એનામાં ન આવ્યા. છતાં તમારી દીધેલી કાળી રેખા તો તેને રાખવી પડી–એ તેના ગુણ–જળમાં ગળી ગઈ છે છતાં ટાળી શકાતી નથી. દુર્જનના સંગે સજ્જનને ગુણની હાણ જ થાય છે. વાદળાનું નિર્મળ પાણી પણ જમનામાં ભળે છે એટલે કાળું થાય છે. કુળના અવગુણે દૂષિત થયેલો ચંદ્ર પોતાની કાયાને સૂકવી નાખવારૂપ ચોકખી તપસ્યા કરે છે. આમ તમારાથી તે વિપરીત વિચાર ને વર્તનવાળો છે. તમારાથી તે લાજે છે. એવા પુત્રની સમૃદ્ધિથી અભિમાન કરવું શું કામનું? અને તેથી સ્નેહ રાખવો પણ શા કામનો? વળી સગા–સંબંધી અને જાતિનો ગુણ એ પરને શું કામ આવે? એક સગો ભૂખે મરે અને બીજાને ઘરે રાજ્ય હોય. વળી તમારો પુત્ર તો અત્રિઋષિની આંખથી જન્મ્યો છે એમ પણ કહેવાય છે અને તમારાથી જન્મ્યો છે એ પણ પ્રસિદ્ધ છે. આમ બે બાપના બેટાથી ગૌરવ લેવા જેવું શું છે ને તેમાં તમને આનંદ શું આવે છે? પોતામાં ગુણ હોય તો ગાજીએ એ શોભે પણ પારકા ગુણોથી કૃતાર્થપણું ન કહેવાય. પુસ્તકમાં રહેલી વિદ્યા

* સાગરનો પુત્ર ચંદ્ર છે અને તેની પુત્રી નર્મદા છે. તે સાગરને મળે છે એ રીતે ગોત્રજાને સ્વીકારનાર ગણાય. અથવા ગોત્ર એટલે પર્વત, તેમાંથી જન્મતી નદીઓ અને તેનો પતિ સાગર છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પારકે હાથ પડેલા ધનની માફક પારકા ગુણ કાંઇ કામમાં આવતા નથી. બીજું તમારા પુત્રની કળા દિવસે દિવસે ઘટતી જાય છે. ગલે એ ચળકે છે ને દિવસે તો જોયો પણ જડે નહિ એવો ફીક્કો પડી જાય છે.

વળી મારી યશઃકીર્તિ ખૂબ વિસ્તરેલી મોટી છે, હું વિશેષે પરઉપકાર કરું છું. સકલદેશમાં મારો મહિમા અક્ષય અને અખંડિતપણે હંમેશા વિલસે છે.

આમ-આઠમી ઢાળના સાત દુહામાં સાગર અને એના ઉત્તરરૂપે વહાણ આઠમી ઢાળમાં તથા નવમી ઢાળના છ દુહામાં કહે છે. નવમી ઢાળમાં શરૂઆતની પાંચ ગાથામાં સાગર વહાણને કહે છે—

હે વહાણ! તું સાંભળ. તું મારા કોઇ પણ ગુણ કે સારને ગ્રહણ કરતો નથી, કહેતો નથી અને દ્વેષમાંથી પૂરા કાઢે એમ દોષો જ વિચાર્યા કરે છે. તું મારા ગુણને વિસ્તારતો નથી. મારા મોટા ઉજ્જવળ ગુણો છે એ મનમાન્યાની વાત છે. જે દિવસે કૂવા અને સરોવરો સૂકાઇ જાય છે, નદીઓના નવાણો પણ સૂકાઇ જાય છે ત્યારે ભરઉનાળે મારો વિસ્તાર વધે છે. સૂર્ય ગમે તેવા પ્રચંડ તાપે તપે તો પણ મારા જળને સૂકવી શકતો નથી. સોનાના શરીરનો મેરુ અગ્નિથી ગળી શકતો નથી. હું સંતોષ ધારણ કરીને અચલ, સ્થિર અને દઢપણે રહું છું. અને તું તો અતિલોભી બની સ્થળ વગરનો ભમતો ભમે છે. હું ક્ષમાવાળો અને ગંભીર છું, મર્યાદાને લોપતો નથી. તું મારા ગુણ જાણી શકતો નથી, તો તારે ને મારે વાદ શો?

વળતાં વહાણે કહ્યું કે—

હે સાગર! સાંભળો. તમે ભરઉનાળે તાપે સૂકાતા નથી અને ખૂબ પાણી ધારણ કરો છો પણ એ કાંઇ કામ આવતું નથી. હું કોઇથી સૂકાતો નથી એવો ગર્વ તમારે ધારણ કરવો લેશ પણ વ્યાજબી નથી. ઘટ-પુત્ર અગસ્ત્ય મુનિ તમને ચલુ કરી ગયા ત્યારે તમારી ટેક ક્યાં રહી? જગતમાં એક એકથી ચડીયાતા બળવંતા ઘણા હોય છે, એટલે 'મારા જેવો જગતમાં કોઈ નથી' એવો તંત કોઇએ પણ ધારણ કરવો નહિ. હજારો નદીઓ તમારામાં ભળે છે અને વરસાદ કરોડો ધારાથી તમારામાં વરસે છે છતાં તમારું પેટ ભરાતું નથી, તમે સદાના ભૂખ્યા છો. તમને સંતોષ કેમ થાય? ચંદ્ર, સૂર્ય અને મેઘની માફક અમે પૃથ્વી ઉપર ઉપકાર કરીએ છીએ અને એ માટે ચંદ્ર આદિની જેમ ભમીએ છીએ. હે મૂર્ખ સાગર! તમે ભાંગેલા અંગવાળા એક સ્થળે એમ ને એમ પડી રહ્યા છો એથી હસો છો શું?

પરના હિતને માટે ઉદ્યમી સજ્જનોને સારસૂત સરજ્યા છે. બાકી દુર્જનો દુ:ખીયા અને આળસુ છે. એ તો નકામા ફૂલાય છે. વગર કારણે તમે ઉછળ્યા કરો છો અને વાયુથી ફૂલેલાની માફક વળગો છો, સામા આવો છો. હૃદયમાં તો તમે ઘણું બળો છો, તમે ક્ષમાવંત કેમ કહેવાઓ? તમે ગંભીર છો અને મર્યાદાને લોપતા નથી એ સાચું છે પણ તેમાં કારણ જુદું છે. તેથી તમે ફૂલાઓ છો એ નકામું છે. તમે મર્યાદા લોપવા તૈયાર થાવ છો ત્યારે વેલંધર દેવો મોટી મોટી થપાટો મારે છે ને ચારે દિશામાંથી તમને પાછા પાડે છે. મર્યાદા નથી લોપતા તેમાં ખરું ગુપ્ત કારણ આ છે. બીજાના અવગુણ ગાવા અને પોતાના ગુણ ગાયા કરવા એ વિકથારૂપ છે. એને તમે છંડો. બાકી તમારું બધું સ્વરૂપ હું જાણું છું.

દસમી ઢાળના દુહામાં સમુદ્ર વહાણને ઉત્તર આપે છે કે-હે વહાણ! તું મારી હોડ ન કર. મેં તને શરણે રાખ્યો છે તો તું કરોડો ધન કમાઇ આપે છે. જેની આશા રાખતા હોઇએ તેની સાથે વિવાદ ન કરવો જોઇએ. પોતાની ઇચ્છાએ રાજા જેવો રાજા પણ દાસ બનીને રહે છે. તું મારી આશા કરે છે અને મારી સામો થાય છે એ કેમ બને? ચંદ્રમાએ હરણને શરણ રાખ્યો તો તે તેને કલંકરૂપ બન્યો; એમ તું પણ મને દોષરૂપ થયો છે એ નિ:શંક છે. મેં તો તને સારો જાણીને રાખ્યો પણ તું તો નિર્ગુણ અને લાજ વગરનો નીકળ્યો. આશ્રયને જ ભાંગે છે એ તારી મોટી ભૂલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળતું વદતાં વહાણ કહે છે કે–હે સાગર ! તમે અમને શરણે રાખો છો એ જ મોટી ગેરસમજ છે. જગતમાં ધર્મ સિવાય બીજું કોઇ શરણ નથી, તો તમે અમને શરણરૂપ કઇ રીતે થાવ ?

જેઓ સુયશથી રંગાએલા છે તેઓ શરણે આવેલાની શરમ રાખે છે. તમારું બળ કેવળ ગાજવામાં છે. બાકી તમે કહો છો કે 'મેં તને શરણે રાખ્યો છે' તો મારા ઉપર જ્યારે ખરેખરી આપત્તિ આવી ત્યારે તમે મારો શો બચાવ કર્યો ? બચાવ તો દૂર ગયો પણ તમે લાગણી બતાવી હોત તો પણ ઘણું ગણાત. ઊલટા તમે રાજી થતા હતા. એ પ્રસંગ, એ સમય તમે ભૂલી ગયા તો નહિં હો પણ હું થોડું યાદ કરી આપું. કાળ વિકરાળ કરવાલ–તરવાર ઉછાળતો હતો, ત્યારે લાગતું હતું કે જાણે ભયંકર નગ ફૂંફાડા ન મારતો હોય ! જૂઠા અને અતિદુષ્ટ માણસો ખુશી થતા હતા. દુષ્ટ દેવો મોહ અનુભવતા હતા. જેને જોઇને જમના પાડા યાદ આવતા હતા. ઘોર લોકો અવાજ કરીને મલબારિયા ધારીયા ધારણ કરીને ક્રોધપૂર્વક દોડી આવતા હતા. યમદૂત સમા ભયંકર ભૂત અને અવધૂત હનૂમાને નવા વિકુર્વેલા ફરતા હતા. હાથે હથિયાર, માથે ટોપ, શરીરે બખ્તર, ભુજાઓ પર વીરવલય ધારણ કરીને તેજે તગતગતા સૈન્યના બન્ને પ્રવાહો સામસામે મળ્યા ત્યારે જાણે વીરરસનો સાગર ઊંચો ચડ્યો હોય એમ લાગતું હતું.

લીલી, સફેદ, પીળી અને કાળી ધજાઓ અને તેવા જ વિવિધ વર્ણના વસ્ત્રો અને આભૂષણો નવા કિરણો ફેંકતા શોભતા હતા. જાણે રણલક્ષ્મીએ ઘણા રૂપ ધારણ કરીને હૃદયસ્થળે પંચવર્ણના કંચુઆ પહેર્યા હોય એમ જણાતું હતું. ગગનમાં ઘણાં રણવાજિંત્રોના અવાજો ગડગડતા હતા. કરોડો સુભટો સેનામાં અરસપરસ અથડાતા હતા, બાજતા હતા. યુદ્ધના વિચારોનું જોર ધારણ કરીને એક નાવડીના સૈનિકો સામી નાવવાળા સૈનિકો તરફ હલ્લો લઇ જતા હતા. મૂછ મરડીને ખાલી ન જાય એ રીતે ઘા કરતા હતા. તીક્ષ્ણ બાણોનો વરસાદ જાણે મેઘધારા વરસાવતો હોય તેમ વરસતો હતો. ફરકતી ધજાઓના નેજા–વસ્ત્રો જાણે આકાશમાં બકપંક્તિ સંચરતી હોય એમ લાગતું હતું, યુદ્ધના ઢોલ જોરજોરથી વાગતા હતા તે મેઘગર્જારવ હતો અને તેજસ્વી ભાલાઓ જે ચમકતા હતા તે વીજળી ચમકતી હોય એમ જણાતું હતું.

ક્રૂર રસના સરવાળા હાથીઓના કુંભસ્થળ પર ખળખળ કરતું રુધિરનું પૂર વહેતું હતું. જાણે સિન્દૂરના થાપા માર્યા ન હોય એમ એ દેખાતું હતું. શૂરવીરો સમરભૂમિને સૂરણના માફક ચીરી નાખતા હતા અને કાયર માણસો પૃથ્વી નીચે મસ્તક નાખતા હતા. બ્રહ્માંડભાંડના સેંકડો ખંડ કરવાનું સામર્થ્ય ધરાવતા એવા તોપ ને બંદૂકમાંથી ગોળાઓ ઊછળતા હતા. રણમાં એક રસ બનેલા ને ક્રોધે ભરેલા અગ્નિ વરસતા એ યમની આંખના ડોળાઓ ન હોય એવા લાગતા હતા.

વહાણ ઉપર અગ્નિહોકા ભરીને મહાક્રોધ મૂકીને ઘોરો મોકતા હતા. સુભટો રણરસે ચઢીને બાણવડે વાઢતા હતા અને બંદિલોકો બિરુદો ગાતા હતા. ઉપરના ઘોર જલે ઘણો મોર પાથરે ત્યાં સાથરે અગ્નિ સબળ લાગતો, બાળતો, બાળતો અને તમારું અભિમાન ટાળતો તે દેખીને તમે કેમ જાગતા નહિં. શેષનાગ સળવળે, પૃથ્વી ચંચળ બને અને પહાડો ખળભળી જાય એવો સમર રંગ હતો. ભીરુ સૈનિકો લડથડીને એકની આગળ એક પડતા હતા અને શૂર લડવૈયાના શરીરમાં બખ્તર પણ સમાતું નહોતું. ભયંકર રણજોરે ચડેલા સુભટો ચારે તરફ ઘૂમતા હતા જે જોઇને દેવો પણ ચમકી જતા હતા. બાણોના બહુ ધૂમાડાથી પ્રબળ અન્ધકાર ફેલાતો હતો અને કૌતુકી દેવો ડમરૂના ડમકાર ચલાવતા હતા. આવું રામ–રાવણનું યુદ્ધ થયું ત્યારે તમે મને શું શરણ આપ્યું ? ઊલટું દુર્જનની માફક દુષ્ટ બનીને તમાસો જોયા કર્યો

અહિં તો મારે ધર્મ જ એક મોટું શરણ હતું કે જે ધર્મશરણ સુન્દર યશ આપે છે અને આશાને સફળ કરે છે.

દશમી ઢાળમાં વહાણે કહ્યું ત્યારે સાગર તેને જવાબ ત્રણ દુહામાં આપે છે. અને ચાર દુહામાં તેનો પ્રત્યુત્તર વહાણ આપે છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસને અજવાળે

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

'જૈન ધર્મ પ્રકાશ'ના વૈશાખ અંકમાં પં. શ્રી ધુરંધરવિજયજીનો 'ચિરંજીવ–પારણું' નામનો લેખ વાંચી એના અનુસંધાનમાં 'અક્ષય તૃતીયાના પારણા' વિષે કંઇક અજવાળું ઐતિહાસિક દૃષ્ટિએ પાડવાની મનોવૃત્તિ થઇ. એક રીતે જોઇએ તો અખાત્રીજ વીતી ગઇ છે અને એ પવિત્ર દિને શ્રી શત્રુંજયની છાયામાં શ્રી પાર્શ્વવલ્લભ–વિહારની પ્રતિષ્ઠા નિમિત્તે મારી હાજરી હોવાથી પૂર્વકાળનો ઉભરો ઓસરતો દૃષ્ટિગોચર થયો છે એટલે આ લેખની તાત્કાલિક અસર ન સંભવે, આમ છતાં આગામી વર્ષ માટે એ અવશ્ય માર્ગદર્શનરૂપ છે જ.

ભગવંત શ્રી આદિનાથે વર્ષીતપના અંતે શ્રી શ્રેયાંસકુમારે વહોરાવેલ શેરડીના રસથી પારણું કર્યું. એ માટેનું સ્થળ હસ્તિનાપુર છે. આ ઐતિહાસિક વૃત્તાંત માટે બેમત નથી જ. આ તપનું આચરણ કરનાર મનુષ્યો માટે સાચી રીતે જોઇએ તો પારણું કરવાનું સ્થળ પાલીતાણા નહીં હસ્તિનાપુર જ હોઇ શકે. જૈન સાહિત્યમાં કલ્યાણકભૂમિઓની સ્પર્શના પણ ફળદાયી બતાવેલી છે એમ આવા પ્રેરણાદાયી સ્થાનોમાં કરવામાં આવતી આચરણા પાછળ ફળ-પ્રાપ્તિનો અનેરો યોગ સંભવે છે. વળી એ રીતનું અનુસરણ ઇતિહાસની નજરે વ્યાજબી લેખાય. આજના બુદ્ધિવાદના યુગમાં ઐતિહાસિક મહત્ત્વ અગ્રસ્થાન ભોગવે છે એ જોતાં એની અવગણના કરવી ન જોઇએ. કારણવશાત્ ભૂતકાળમાં મૂળ વસ્તુને ભૂલાવી દેતી ભૂલભરી પ્રણાલિકા શરૂ કરવામાં આવી હોય અને એ પાછળ વર્ષોના વહાણા વાયા હોય છતાં જાગ્યા ત્યાંથી સવાર ગણી થયેલી ભૂલ સુધારી લેવા સજાગ બનવું જોઇએ. કેટલીકવાર આ જાતનો પ્રમાદ મૂળ વાતને પણ શંકાસ્પદ બનાવી દે છે!

શ્રી કલ્પસૂત્રમાં ભગવંત શ્રી મહાવીર દેવના કર્ણમાં ખેડુતે કીલિકા નાખ્યાની વાત છે અને ત્યાં સ્પષ્ટપણે કહેવામાં આવેલ છે કે વૃક્ષની તીણી સળીઓ લાવી એણે પ્રભુના કર્ણમાં એવી રીતે ઘોંચી દીધી જેથી ઉભયના છેડા બહારથી નજરે પણ ન ચઢે. આ દૃશ્યને ચિત્રમાં ઉતારનારા કે આરસમાં કંડારનારા કલાકારોએ સાચી સમજના અભાવે કેવું વિકૃત રૂપ આપ્યું છે! ભગવંતને મધ્યમાં કાયોત્સર્ગ અવસ્થામાં રાખી આસપાસ બે માનવોને ખીલા ઠોકતાં દર્શાવ્યા છે! અરે! હાથમાં હથોડા પણ આપ્યાં છે! સાચી વસ્તુના આ અપલાપથી આજના વિચારક વર્ગમાં આ બનાવ કાલ્પનિક છે એવો ભાવ જન્મ્યો છે. કોઇને એમાં ભારોભાર અતિશયોક્તિના દર્શન થાય છે. આ રીતે જો ખીલા ઠોકાયા હોય તો માનવ જીવી શકે જ નહીં એ દલીલ પણ રજૂ કરાય છે. આ પરિસ્થિતિ પાછળ શાંતિથી વિચારીએ તો આપણી સત્ય પ્રત્યેની અવગણના નિમિત્તરૂપ લેખાય. ખરી વાત તો એ છે કે–કોઇ પણ વિષય અંગે કાંઇ પણ કાર્યવાહી આદરતાં પૂર્વે એ પાછળનું તથ્ય તેમ ઐતિહાસિક બળ જાણી લેવું જોઇએ. કદાચ એ ન બન્યું હોય તો પણ સાચી સ્થિતિ ધ્યાનમાં આવ્યા પછી ગમે તેવી વર્ષોજૂની પ્રથા હોય તો પણ સુધારી લેવી જોઇએ.

પારણાનું સ્થળ હવે પછી હસ્તિનાપુર જ સંભવે. ત્યાં હવે તો સગવડ વધી રહી છે. વળી ભારતવર્ષની નજરે એ સ્થળ કેન્દ્રમાં છે. જૈન સમાજના મોટા ભાગની નજરે એ અતિ ખર્ચાળ પણ નથી જ. વળી એ સ્થળ સોળ, સત્તર અને અઢારમા તીર્થંકરદેવોના ચાર કલ્યાણકોથી અલંકૃત હોઇ સ્પર્શનીય પણ છે. તીર્થરૂપ ગણાય. જીવનમાં આ નિમિત્તે એક વાર અવશ્ય દર્શનીય છે. યાત્રિકોના આ નિમિત્તના આવાગમનથી એ તીર્થ પુનઃ નવપલ્લવિત બનશે. આથી શ્રી શત્રુંજયતીર્થની શાશ્વતતાને નથી તો ધક્કો પહોંચવાનો કે નથી તો મહાતીર્થ મટી જવાનું. એનો મહિમા તો પૂર્વવત્ કાયમ રહેવાનો છે.

અપેક્ષાથી વિચારાય તો આ નિમિત્તે જે હાડ-મારીઓ ઊભી થાય છે તેમાંથી જરૂર છૂટકારો થનારો છે. આજે તો અક્ષય તૃતીયાના મહિમાએ આ પવિત્ર ભૂમિને એટલી હદે વહેવારના ઓથા નીચે સાંકડી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તીર્થંકર ભગવંતોના વર્ણવિશેષ

(લેખક : "સાહિત્યચંદ્ર" શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ)

દરેક મનુષ્યની અમુક જાતની પ્રકૃતિ હોય છે, અમુક જાતનો તેનો સ્વભાવ હોય છે અને અમુક જાતની એની ખાસીયતો હોય છે. એ બધું સત્વ, રજ અને તપ એ ત્રિગુણને આશ્રયીને જ રહેલ હોય છે. એ ત્રિગુણના જુદા જુદા તરતમ ભાવે થએલા મિશ્રણો લઈને દરેક મનુષ્યમાં તેનો આવિષ્કાર થાય છે. સત્વ, રજ અને તમો ગુણના અંશો તો દરેક વ્યક્તિમાં હોય છે જ, પણ એ ગુણ વધારે ઓછા પ્રમાણમાં દરેક મનુષ્યમાં પ્રગટ થએલ જણાય છે. કોઈ મનુષ્ય સત્વગુણપ્રધાન હોય છે. તે શાંત સ્વભાવી, ધર્માનુકૂલ અને સુરુચિ ધરાવનારો હોય છે, પણ તેનામાં રજો ગુણ કે તમો ગુણ તદ્દન હોતો જ નથી એમ નથી. એ સત્વગુણી છતાં અંશતઃ રજો ગુણ અને તમો ગુણ પણ તેની પાસે હોય છે જ. માત્ર તેનો આવિષ્કાર ક્વચિત્ પ્રસંગે થતો હોવાથી તેની પાસે તે ગુણો નહીંવત્ જોવામાં આવે છે. રજોગુણી મનુષ્યમાં રજો ગુણની માત્રા મુખ્યરૂપે રહેલી હોય છે, અને સત્વ તેમ જ તમોગુણ લગભગ સુપ્તાવસ્થામાં જોવામાં આવે છે. તેમ તમો ગુણ-પ્રધાન આત્માઓમાં સત્વ અને રજો ગુણ અંશતઃ નજરે પડે છે. મતલબ કે જગત એ ત્રિગુણાત્મક છે અને દરેક આત્મા એ ત્રિગુણથી વાસિત હોય છે એ સુસ્પષ્ટ જણાય છે

કૃષ્ણ વાસુદેવની અનેક કથાઓમાં એક બોધક કથા આપણા વિષયને વિશદ કરનારી હોવાથી તેનો નિર્દેશ કરવો અમોને ઉચિત જણાય છે. કૃષ્ણ ગોપાલ તરીકે

---

બનાવી મૂકી છે કે-ધર્મશાળાઓની સંખ્યા વધવા છતાં ચૈત્ર માસના કૃષ્ણપક્ષથી આરંભી વૈશાખ શુકલ પંચમી સુધી આવનાર યાત્રાળુઓને જો સગાસંબંધી તરફથી કંઈ સાથ ન હોય તો ઉતરવા માટે ઓરડી પણ ખાલી મળતી નથી! ઉપરના દિવસોમાં તપ કરનારા તરફથી કિંવા તેમના નામે મુનિમો તરફથી એ સર્વ રીઝર્વ થઈ ગઈ હોય છે!! આટલી હદની મુશ્કેલી બીજા કોઈ પણ મેળાના સમયે થતી જોવામાં નથી આવી. અક્ષય તૃતીયાના પારણાએ કાર્તિક શુદ ૧૫ તેમ જ ફાગણ અને ચૈત્રી પૂર્ણિમાના મેળા કે જેની પાછળ ઇતિહાસની પીઠિકા છે તે સર્વને ઝાંખા પાડ્યા છે. આ બધું ઓછું થવું જરૂરી છે. તપ કરનારા ભાઈ-બહેનોએ હસ્તિનાપુર તરફ દૃષ્ટિ કરવાની અગત્ય છે. વળી આત્મકલ્યાણના આ અનેરા તપ પાછળ જે વહેવાર ને ચાંલ્લા વગેરેની ગુંચણી કરી દેવાઈ છે તે ઓછી કરવાની પણ જરૂર છે. એ દિવસે ત્રણ કે ચાર વાગ્યાના ઉઠી પવિત્ર ગિરિરાજ શ્રી શત્રુંજય પર ચઢવા જવું એ વ્યાજબી કેમ ગણાય? ઉનાળાના બળતા તાપમાં દાદાના દરબારમાં જે લાંબી કતાર પૂજાસમયે જામે છે એ પણ ઇચ્છનીય નથી. આ સર્વનો ઉકેલ મૂળ ઇતિહાસને સજીવન કરવામાં રહેલો છે. આ સાથે એક બીજી વાત પ્રતિ તપ કરનારાઓનુ લક્ષ્ય ખેંચવાની જરૂર છે. શકિત-સંપન્નો જરૂર પ્રભાવના કરે પણ ગમે તે રીતે ખેંચાઈને નવકારવાળી કે સ્થાપનાજી જેવી નાની ચીજોની જે સંખ્યાબંધ લહાણીઓ થાય છે તે ઇષ્ટ નથી જ. એક વ્યકિત પાસે ૨૫ કે ૩૦ નવકારવાળી, ચાર-પાંચ સ્થાપનાની જુકો કિંવા પાંચ પંદર સ્તવનની ચોપડીઓ એકઠી થાય એ શું વધારે પડતો બોજો નથી? આખરે એ સર્વ બુકસેલરને ત્યાં પાછું ફરવાનું અગર તો વેરવિખેર થઈ જવાનું. તપ જેવી ઉત્તમ ક્રિયા પાછળ આ પ્રકારના વધી પડેલ પ્રદર્શન સંબંધી કેટલાકની અનુભવ કહાણી સાંભળીને ઉપર મુજબ ઉલ્લેખ કરવો ઉચિત જણાયો છે. આમાં પ્રભાવના પ્રત્યે જરા પણ ઉદાસીનભાવ નથી. ટૂંકમાં એટલું તો ભાર મૂકી કહેવાનું જરૂરી છે જ કે-**હવે પારણાની ભૂમિ હસ્તિનાપુર બનવી જોઇએ.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાયોને ચરાવતા હતા. તેઓ પોતાની વાંસળી વગાડી બધાઓને રીઝવતા હતા. તેમના અનેક અજાણ અને ખોડ—ખાંપણવાળા મિત્રો હતા. તેમાંનો એક તોતલુ બોલનારો મિત્ર કૃષ્ણ આગળ આવી ફરિયાદ કરે છે કે, સફેદ ગાય હંમેશ દોડી જાય છે. તે કેમે કરી જડતી નથી. લાલ ગાયને હંમેશ તરસ લાગે છે તેને પાણી પાતા હું થાકી જઉં છું અને કાળી ગાય કાંઇ ને કાંઇ ઉપદ્રવો કર્યા કરે છે અને અનેક ફરિયાદો ઊભી કરે છે માટે એ ગાયો તું સંભાળી લે જેથી મને કાંઇક શાંતિ મળે. આ કથાનકનો ઉપનય એવો છે કે, ગાય એટલે ગો. અને ગોનો અર્થ ઇંદ્રિયો પણ થાય છે. અને ઉપર કહી ગયા તે સત્વ, રજ અને તમનો આવિષ્કાર ઇંદ્રિયો દ્વારા જ થાય છે. ધોળી ગાય એ સત્વગુણને ઉદ્દેશીને છે. લાલ ગાય તે રજો ગુણને ઉદ્દેશીને કહેલી છે, તેમ કાળી ગાય તે તમો ગુણના પ્રતીકરૂપે છે. એ ત્રણે ગાયોને તું સંભાળી લે અર્થાત એ ઇંદ્રિયજન્ય ત્રિગુણોના વિકારથી હું પીડાઉં છું, મને શાંતિ મળતી નથી, માટે મને એ વિકારોથી મુકત કર એવી પ્રાર્થના એ કૃષ્ણનો મિત્ર કરે છે. આપણી પણ એ જ પ્રાર્થના હોઇ શકે. ઇંદ્રિયોના અનેક વિકારો આપણને અનેક રીતે પીડા આપ્યા જ કરે છે. તે પીડાથી મુકત થવા માટે મુક્ત આત્મા પાસે આપણી કરગરીને પ્રાર્થના હોય છે. ઉપરની કથામાં ધોળી ગાય એટલે સત્વગુણ મારી પાસે રહેતો જ નથી, અર્થાત્ મનને શાંતિ મળતી નથી એવો ભાવ એમાં છે. લાલ ગાય અર્થાત્ રજોગુણ, તેને લીધે અનેક જાતની તૃષ્ણા ઉત્પન્ન થાય છે, કોઇ રીતે શાંતિ મળતી જ નથી. અને કાળી ગાયરૂપી તમોગુણ અનેક જાતની અશાંતિ ઉત્પન્ન કરે છે. અર્થાત્ એ ત્રણે ગુણો આત્માના વિરોધી-નુકશાન કરનારા હોવાને લીધે ગુણાતીત અર્થાત્ મુક્ત થવાની આત્માને તાલાવેલી લાગેલી હોવી જોઇએ, એવી ભાવના એ કથામાં ગુંથવામાં આવી છે.

દરેક ભાવના અને વિકારના રંગો હોય છે, જે વાસનાત્મક વૈક્રિય શરીરમાં જ્ઞાનીઓ જોઇ શકે છે. દાખલા તરીકે આપણા અનુભવમાં એ પ્રત્યક્ષ આવે છે કે, જ્યારે કોઇ મનુષ્યનો ક્રોધ પરાકોટીએ જઇ પહોંચે છે ત્યારે તેના મુખ ઉપર લાલ રંગ સ્પષ્ટ સ્થૂલ દેહમાં પણ જોવામાં આવે છે. એ મનુષ્યના અંગ પ્રત્યંગો લાલચોળ થઇ ધ્રૂજવા માંડે છે. તેમજ કોઇ પુરુષ કે સ્ત્રી કામવશ થઇ પોતાની લોલુપતાના વિકારને આધીન થઇ જાય છે ત્યારે તેના ગાલ ઉપર લાલ રંગ તરી આવે છે. અર્થાત્ ક્રોધનો અને કામનો રંગ લાલ હોય છે. બન્ને રંગ લાલ છતાં તેમાં ફેર જરૂર હોય છે. છટા જુદી હોય છે. લાલ રંગ દયા, પરોપકાર કે એવા ઊંચા ગુણોનો પણ હોય છે. એની લાલાશ સુખદ, નયનમનોહર અને આનંદદાયક હોય છે. તેમજ લીલો રંગ બીજાને દુઃખે દુઃખી થવાના વિચારનો હોય છે. એમાં બીજાના આત્મ-ગુણને વિકસિત કરવાની તાલાવેલી એ મુખ્ય કાર્ય હોય છે. ત્રીજો શ્વેત વર્ણ છે જેના માટે વધારે કહેવાની જરૂર નથી. કારણ એમાં નિર્વિકારતાનો ગુણ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે ઘણી જગ્યાએ આત્મા અને પરમાત્માના પ્રતીક રીતે એ સુખદ રંગનો ઉપયોગ કરવામાં આવે છે. એ સિવાય પીળો રંગ પણ ગુણ-વિશેષનો દર્શક ગણાય છે જૈન શાસ્ત્રકારોએ પીળો રંગ એ પોતાના ધર્મનો રંગ માનેલો ગણાય છે અને તેથી જ પીળા રંગનું તિલક પ્રભુને અંગે કરાય છે અને દરેક જૈન પીળા રંગનું તિલક પોતાના ભાલ પ્રદેશમાં જૈનધર્મના નિશાન તરીકે કરે છે. પીળો રંગ બુદ્ધિ કે જ્ઞાનનો દર્શક છે અને એમાં કેશર મિશ્રિત કરવાથી એ પ્રખર બુદ્ધિનો દર્શક થઇ જાય છે. એ કેશરમિશ્રિત રંગ સુવર્ણરંગ થઇ જાય છે.

તીર્થંકર ભગવંતોના શરીરના રંગોનું વર્ણન કરતાં જૈનશાસ્ત્રકારો બે તીર્થંકરોના લાલ રંગ બતાવે છે. બે તીર્થંકરોના ધવલ એટલે ધોળા બતાવે છે. તેમ બીજા બે તીર્થંકરોના નીલવર્ણ કહેવામાં આવે છે. ત્યારે અન્ય બે તીર્થંકરોના શ્યામલ બતાવવામાં આવ્યા છે. બાકીના સોળ ભગવંતોના વર્ણ કંચન અર્થાત્ સુવર્ણ જેવા ગણવામાં આવ્યા છે. એ ચારે વર્ણો અને પાંચમો શ્વેત એ રંગનો તીર્થંકર ભગવંતોના શરીર સાથે કેવી જાતનો સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, એ વર્ણોથી આપણે શું બોધ મેળવી લઈએ એ વિષય પરત્વે આપણે થોડો વિચાર કરીએ.

શ્વેત એટલે ધોળો રંગ નિર્મલતા ( Purity ) બતાવનારો છે. લાલ રંગ કે જે ગુલાબી રંગને મળતો આવે તે નિઃસ્વાર્થ દયા ( Unselfish affection ) બતાવનારો છે. લીલો એટલે નીલવર્ણ એ સહાનુભૂતિ ( Sympathy ) બતાવનારો છે. શ્યામવર્ણ એ શુદ્ધ ધાર્મિક વિચાર ( Pure religious feeling ) બતાવનારો છે. અને કંચન અર્થાત્ સુવર્ણ સદશ વર્ણ એ પ્રખર બુદ્ધિ ( Strong intellect ) પ્રદર્શિત કરે છે. તીર્થંકર ભગવંતોના રંગો એ પાંચ વર્ણોમાં સમાઈ જાય છે.

તીર્થંકર અરિહંત ભગવંતોનું વ્યક્તિત્વ જુદું જુદું છે એમના ચરિત્રો જુદા જુદા છે. અને તેમના કાર્યપ્રસંગો જુદા જુદા છે. છેવટનું સાધ્યબિંદુ તીર્થંકરપણાનું અર્થાત્ આર્હંત્યનું છે. છતાં એમના સાધનમાર્ગ સાથે જુદી જુદી ઘટનાઓ સંકળાએલી છે. દરેકના છેલ્લા ભવના ભોગવવાના કર્મો ભિન્ન ભિન્ન પ્રકારના છે. કર્મોના દળોનો નાશ કરતી વખતે જુદી જુદી પ્રકૃતિ ધરાવનાર વ્યક્તિવિશેષનો એમની સાથે સંપર્ક આવે છે. અને એ બધાઓ સાથેનો કર્મજનિત સંબંધ તોડવા માટે જુદી જુદી આત્મિક શક્તિઓનો ઉપયોગ કરવો પડે છે. કર્મનું જેવું તીવ્ર કે મૃદુપણું તેવા તેના પ્રતિકારના સાધનોનું તીવ્ર કે મૃદુપણું તેઓએ રાખેલું છે. પ્રભુશ્રી નેમિનાથને ભોગાવલિ કર્મોનો સંગ્રહ જ ખૂટી ગયો હોવાથી તેઓશ્રીને સંસાર માંડવાનું કારણ રહ્યું જ ન હતું. તેથી જ તેમનામાં શુદ્ધ ધાર્મિક વિચારોની માત્રા વિશેષરૂપમાં જોવામાં આવી, તેમ પુરિસાદાણી પ્રભુ શ્રીપાર્શ્વનાથના કર્મો જુદાજ હોવાથી તેમનો નીલવર્ણ હતો. સહાનુભૂતિની માત્રા તેમનામાં વિશેષરૂપે હતી. છેલ્લા પ્રભુ મહાવીરની પરિસ્થિતિમાં ભોગવવાના કર્મો ઘણા મોટા પ્રમાણમાં હતા. પ્રત્યક્ષ ઇંદ્રે પહેલેથી જ પ્રભુને એ જણાવી દીધું હતું. પ્રભુને પોતાની વિશાળ અને પ્રખર બુદ્ધિથી તેમજ જ્ઞાનથી કાર્ય કરવાનું હતું, તેથી જ તેમનામાં જ્ઞાનની અને પ્રગલ્ભ બુદ્ધિની તીવ્રતા વિશેષ જોવામાં આવતી હતી. તેને લીધે જ તેમનો કંચનવર્ણ હતો. એ વિવેચન ઉપરથી ફલિત થાય છે કે–દરેક વ્યક્તિના કર્મોના ક્ષયોપશમ વિભિન્ન હોય છે. અને તેને અનુસરીને જ તેના શરીરની રચના સ્વાભાવિક રીતે થઈ જાય છે. પ્રભુશ્રી મલ્લિનાથજીના છેલ્લા બાકી રહેલા કર્મોમાં માયાએ પોતાનો તીવ્ર ભાવ ભજવ્યો અને સ્ત્રીવેદ પ્રગટ્યો. એ કર્મને ભસ્મ કરવા માટે બ્રહ્મચર્યની ખાસ જરૂર હતી અને પોતાના પ્રાચીન મિત્રોનો પણ ઉદ્ધાર કરવાની તાલાવેલી તેમને લાગી ગઈ હતી. એ માટે નીલવર્ણના ગુણોની તેમને ખાસ આવશ્યકતા હોવાથી તે વર્ણ એમના શરીરે ધારણ કર્યો હતો.

એ ઉપરથી ફલિત થાય છે કે, જ્યારે તીર્થંકર જેવાના શરીરમાં તેમના ગુણોનો દર્શક વર્ણ પેદા થાય છે, ત્યારે સામાન્ય મનુષ્યમાં એવા વર્ણવિશેષ પ્રગટ થાય એ સ્વાભાવિક છે. દરેક વ્યક્તિએ પોતાનો સ્વભાવ, પોતામાં રહેલા વિકારો અને પોતાની લાગણીઓનો વિચાર કરી પોતે ક્યાં ઊભા છીએ એ શોધી લેવું જોઈએ. તેમ જ પોતામાં રહેલા કુત્સિત અને વિશોભિત વર્ણો શુદ્ધ કરી તે આત્માના ઉદ્ધાર અને ઉન્નતિ માટે કેવી રીતે ઉપયોગી નિવડે તે માટે પ્રયત્ન આરંભી દેવો જોઈએ. આ લેખદ્વારા આપણી વિચારધારા સાચા માર્ગે વળે એ જ અભ્યર્થના !

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે
**સંસ્કારનું વાવેતર**
લખો –શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
અવશ્ય મંગાવો
મૂલ્ય : ચાર આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નપદ્ધતિ

## ( ૭ )

અનુવાદક : **આચાર્ય મહારાજશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ**

પ્ર૦—(૮૬) છેદાએલ પુરુષનું માથું કેમ હાલે છે?

ઉ૦—જ્યાં સુધી તે છેદાયલા માથામાં જીવના પ્રદેશો હોય ત્યાં સુધી હાલે છે, જ્યાં ઘણા પ્રદેશો હોય ત્યાં થોડા પ્રદેશો ચાલ્યા જાય છે અર્થાત્ તેની સાથે તે પ્રદેશો જોડાઈ જાય છે. ॥ ૮૬ ॥

પ્ર૦—(૮૭) મુનિયોને શાસ્ત્રકારે પ્રમાદનો નિષેધ કર્યો છે તો નિદ્રા લેવાની આજ્ઞા કેમ કરી?

ઉ૦—નિદ્રા અને પ્રમાદમાં ભેદ છે. દર્શનાવરણીયકર્મના ઉદયથી નિદ્રા આવે છે અને તે નિદ્રા **અન્નાદિની માફક સંયમના આધારભૂત છે. પ્રમાદ મોહનીય કર્મના ઉદયથી થાય છે, અને તે પ્રમાદ સંયમને અસાર બનાવે છે તેથી જ "समयं गोयम! मा पमायए" આ વાક્યથી ભગવાને પ્રમાદનો નિષેધ કર્યો છે. "तईए निद्दमोक्खं तु" ત્રીજા પ્રહરની અંતે નિદ્રાનો ત્યાગ કરવો, એ વાક્યમાં ભગવાને નિદ્રાનો સંયમના આધારભૂત હોવાથી આદેશ આપ્યો છે.**

પ્ર૦—(૮૮) મિથ્યાત્વીને ભણવાનો ક્ષયોપશમ કેટલો હોય?

ઉ૦—કાંઈક ન્યૂન દશ પૂર્વ સુધીનું જ્ઞાન મેળવી શકે.

**પ્ર૦—(૮૯) ઝેર ખાવાથી બાળમરણ થાય એમ કહ્યું છે તો ધર્મરુચિ મુનિએ ઝેરી શાક ખાઈને બાળમરણ કેમ કર્યું?**

**ઉ૦—ઝેરી શાક ખાવાથી ધર્મરુચિ મુનિનું જે મરણ થયું તે બાળમરણ ન કહેવાય, કારણ કે શાકનો બિન્દુ નીચે પડવાથી જીવની વિરાધના જોઈ ત્યારે સંયમની રક્ષાને માટે તે શાક ન પરઠવતાં પોતે જ વાપરી ગયા છે.**

**પ્ર૦—(૯૦) મતિ અને શ્રુતજ્ઞાનનું નંદીસૂત્રમાં પ્રત્યક્ષપણું કેમ કહ્યું?**

ઉ૦—મતિ અને શ્રુતજ્ઞાન આ બંને સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે, પારમાર્થિક દૃષ્ટિએ પ્રત્યક્ષ નથી.

**પ્ર૦—(૯૧) દ્રવ્યસ્તવમાં જીવહિંસા થાય છે તો નિર્યુક્તિકાર મહારાજે—"विरयाविरयाण एस खलु जुत्तो" દેશવિરતિવાળા શ્રાવકોને આ દ્રવ્યસ્તવ યોગ્ય છે એમ શા માટે કહ્યું?**

**ઉ૦—ભાવની શુદ્ધિની શુદ્ધિથી કૂવાના દૃષ્ટાંતવડે કર્મની નિર્જરારૂપ ફળ મળે છે તેથી તે યોગ્ય જ એમ કહ્યું છે. જેમ કૂવો ખોદતાં માટીથી કપડા મેલા થાય છે, પણ પાણી નીકળ્યા પછી એ જ પાણીથી મેલા કપડાં સાફ થાય છે તેમ દ્રવ્યસ્તવમાં જીવની વિરાધના થાય છે પણ એથી ભાવની શુદ્ધિ થવાથી કર્મની નિર્જરારૂપ ફલ મળે છે તેથી શ્રાવકને માટે એ ઉચિત ગણાય.**

**પ્ર૦—(૯૨) સ્પર્શેન્દ્રિય અને કાયબળ, આ એમાં શું વિશેષ છે?**

ઉ૦—મનબળ, વચનબળ અને કાયબળ આ ત્રણે બળ ઔદયિક ભાવમાં હોય છે અને ઇન્દ્રિયો ક્ષયોપશમિક ભાવે હોય છે એટલી વિશેષતા છે.

પ્ર૦—(૯૩) જૈમનીયોનો દેવ કોણ?

ઉ૦—જૈમનીયોને કોઈના ઉપર દેવબુદ્ધિ નથી, તેઓ વેદના અધ્યયનને જ મુક્તિનું કારણ માને છે.

પ્ર૦—(૯૪) નાસ્તિકોને શું આધાર છે?

ઉ૦—નાસ્તિકોને પોતાના મતને માટે કાંઈ પણ આધાર નથી, "पिब खाद च चारुलोचने" હે સ્ત્રી, તું ખા-પી એ જ આત્મતત્ત્વ છે, એમ જાણવું.

પ્ર૦—(૯૫) સામાયિક લઈને શ્રાવક સાધુને વંદન કરવાને માટે જાય કે નહિ?

ઉ૦—સામાયિક લીધા પછી ઇર્યાસમિતિ શોધવાપૂર્વક સાધુની માફક શ્રાવક સાધુને વંદન કરવાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારિભાષિક શબ્દ–વિવરણ

## છ (ષટ્ક)–સાત (સપ્તક) સંખ્યા

(૪)

સંગ્રા૦ શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ વકીલ–સુરત

ષટ્ક (ચાલુ)

પરિગ્રહના મૂળ ભેદો–ધાન્ય, રત્ન, સ્થાવર, દ્વિપદ, ચતુષ્પદ, કુપ્ય, (બારવ્રતની પૂજા)

શરીરના ઉન્નત લક્ષણો (ચિન્હો)–કાંખ, હૃદય, ડોક, નાસિકા, નખ, મુખ.

સંસ્થાન–સમચતુરસ્ર. ન્યગ્રોધપરિમંડળ. સાદિ, કુબ્જ, વામન, હુંડક.

દિગ્આહાર દ્વાર–અધોદિશિ, ઊર્ધ્વદિશિ, પૂર્વદિશિ, પશ્ચિમદિશિ, દક્ષિણદિશિ; ઉત્તરદિશિ.

છ પ્રકારે તત્ત્વનું જ્ઞાન–નિર્દેશ, સ્વામીત્વ, સાધન, અધિકરણ, સ્થિતિ, વિધાન.

છ ઇતિઓ–સંકટો–અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, મૂષક, પોપટ, પરરાજ્યનું આક્રમણ.

સિદ્ધાંતના અંગો–ચૂર્ણિ, ભાષ્ય, સૂત્ર, નિર્યુક્તિ, વૃતિ, પરંપરા અનુભવ.

સંપત્તિ--શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ, તિતિક્ષા.

ઋતુઓ–વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત, શિશિર.

દ્રવ્ય સામાયિકના ઉપકરણો–ચરવળો, કટાસણું, મુહપત્તિ, પુસ્તકાદિ, સ્થાપનાચાર્ય, બીજી ઉપધિ.

પુસ્તકોના પ્રકાર–સિદ્ધાંત, કથા, સ્તવનાદિ, યોગ. તત્ત્વજ્ઞાન, ન્યાય.

વિનયના પ્રકાર–માતા, પિતા, વિદ્યાગુરુ, વડીલ, ઉચિત, ધર્મગુરુ.

શત્રુંજયની અવગાહના–પ્રથમ આરે ૮૦ યોજન, બીજે આરે ૭૦, ત્રીજે ૬૦, ચોથે ૫૦, પાંચમે ૧૨ યોજન અને છઠ્ઠે આરે સાત હાથ.

મિથ્યાત્વ–લૌકિક દેવગત, લૌકિક ગુરુગત, લૌકિક ધર્મગત, લોકોત્તર દેવગત, લોકોત્તર ગુરુગત, લોકોત્તર ધર્મગત.

શ્રાવકનાં લક્ષણો–શ્રદ્ધા રાખે, સિદ્ધાંત સાંભળે, પાત્રને દાન દે. સમ્યક્ત્વ ધારણ કરે, પાપ કૃત્યો ઓછાં કરે, ઇંદ્રિયસંયમ કરે.

---

માટે જાય તો તેનું ગમન યોગ્ય ગણાય, તે સિવાય જઇ શકે નહિ. શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યક સૂત્રની ટીકામાં આ વાત વિસ્તારપૂર્વક કહેલી છે ત્યાંથી જાણવું.

પ્ર૦—(૯૬) વર્ધમાનવિદ્યાના કેટલા અક્ષરો અને તે કયા છે?

ઉ૦—વર્ધમાનવિદ્યાના અક્ષરો, સ્વર અને વ્યંજનને જુદા પાડીને ગણીએ તો કુલ ૧૩૮ અક્ષરો થાય છે ॐ नमो भगवओ अरहओ सिज्झउ मे भगवई महाविज्जा वीरे महावीरे जयवीरे सेणवीरे अइवीरे वद्धमाणवीरे जयंते अपराजिए स्वाहा ॥

પ્ર૦—(૯૭) સૂરિમંત્રમાં કેટલા અક્ષરો અને કેટલા પદો છે?

ઉ૦—સૂરિમંત્રના પાંચ પ્રસ્થાન છે. વિદ્યાપીઠ, સૌભાગ્યપીઠ, લક્ષ્મીપીઠ, મંત્રરાજપીઠ, સુમેરુપીઠ આ પ્રમાણે પાંચ પીઠ છે અને ૨૫૨ અક્ષરો છે.

પ્ર૦—(૯૮) મુનિઓને પલ્લા રાખવાનું શું પ્રયોજન?

ઉ૦—ત્રસાદિ જીવોના રક્ષણને માટે મુનિઓ પલ્લા રાખે છે.

પ્ર૦—(૯૯) સર્વ મતોનો તિરસ્કાર કરીને જૈન-દર્શન નિશ્ચલપણે કેમ રહે છે?

ઉ૦—આ વિષયમાં નયવાદ જોવો. એક એક નયવાદને વશ થવાથી અન્ય મતો તિરસ્કાર કરાએલા છે, અને જૈનદર્શન સ્વયં પોતે તો સાત નયના સમૂહરૂપ હોવાથી જય પામે છે, તેને માટે શીલાંક-સૂરિએ શ્રી આચારાંગસૂત્રની ટીકામાં કહ્યું છે કે–" अपास्ततीर्थकं विहितैकैकतीर्थनयवादसमूहवशात्प्रतिष्ठितमिति"

(સંપૂર્ણ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવ શ્રાવકનાં લિંગો**–કૃત વ્રતકર્મા, શીલવાનપણું, ગુણવાનપણું, ૠજુસરલ વ્યવહાર, ગુરુશુશ્રુષા, પ્રવચનકુશળતા. (તત્વસાર)

**આયુબંધના પ્રકારો**–જાતિ, ગતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ, અનુભાગ

**શેત્રંજના રમતના મહોરાઓ**–બાદશાહ, ફરજીન, ઘોડા, હાથી, રૂખ, પ્યાદા.

**ચૈત્યવંદન કાયોત્સર્ગના ફળો**–વંદન, પૂજન, સત્કાર, સન્માન, બોધિલાભ, નિરુપસર્ગ.

**સમ્યક્ત્વના પ્રકારો**–મૂળ, દ્વાર, પ્રતિષ્ઠાન, આધાર, ભાજન, વિધાન.

## સપ્તક (સાત)

**વૃક્ષના ભેદો**–(જીવાભિગમ) મૂળ, ત્વક્, કાષ્ઠ, નિર્યાસ, પત્ર, પુષ્પ, ફળ.

**સંગીતના સ્વરો ને તેના વાજીંત્રો**–ષડ્જ, ૠષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, નિષાદ, (વાજિંત્રો) માર્દલ, ગોમુદ્દી, શંખ, ઝાલર, ગોહીય, મહાભેરી.

**ચારિત્રો**–(સંયમો) સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ, અવિરતિ.

**ભય**–ઇહલોક, પરલોક, આદાન, અપયશ, મરણ, આજીવિકા, અકસ્માત.

**ક્ષાયિક સમ્યક્ત્વ ઉત્પન્ન થવાનાં કારણો**–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમ્યક્ત્વ મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વ મોહનીયના ક્ષયથી ઉત્પન્ન થાય છે.

**સપ્તર્ષિ**–(ૠષિઓ) કશ્યપ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર, જમદગ્નિ, અરૂન્ધતી.

**વ્યાધિ**–વાળો, વેદના, વાત, વર્ણ, વિરાધ, વશીરૂપ, વૃષ્ટ.

**પક્ષીઓના સ્વરો**–મોર–ષડ્જ, કુકડો–ૠષભ, રાજહંસ–ગાંધાર, ગવાલિકા–(ચાતક) મધ્યમ, કોકિલા–પંચમ, સારસ–ધૈવત, પોપટ–નિષાદ.

**બાળપણથી સેવે તો સુખ આપે એવા**–રાજા, કર્ષણ (ખેતી), પુત્ર, અશ્વ, ભેંશ, ચંદ્ર, પોપટ.

**વિકથા**–રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભક્ત (ભોજન)-કથા, મૃદુકારુણિકી કથા, દર્શનભેદિની કથા, ચારિત્રભેદિની કથા,

**રાજ્યના અંગો**–સ્વામી, અમાત્ય, મિત્રરાજ્ય, કોશ, રાષ્ટ્ર, દુર્ગ, સૈન્ય.

**શરીરની ધાતુઓ**–રસ, રુધિર, અસ્થિ, માંસ, મજ્જન, મેદ, શુક્ર (વીર્ય)

**રણસંગ્રામના સાધનો**–હાથી, અશ્વ, રથ, પાયદળ, પાડા, ગંધર્વ, નાટ્ય. (કલ્પસૂત્ર)

**પાતાળ**–અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તલાતળ, પાતાળ.

**શરીરના સાત અંગો**–નખ, પગ, હાથ, જીભ, હોઠ, તાળવું, નેત્રના ખૂણા.

**નય**–નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ૠજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત.

**નારકી**–ધમા, વંશા, સેલા, અંજણા, રીઠા, મઘા, માઘવતી,

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા, તમસ્તમપ્રભા.

**લોભના પર્યાયો**–અભિષ્વંગ, ઇચ્છા, કાંક્ષા, ગાર્ધ્ય, મૂર્છા, રાગ, સ્નેહ. (તત્ત્વાર્થસૂત્ર ભાષ્ય)

**શુદ્ધિ**–અંગ, વસન, મન, ભૂમિકા, પૂજોપગરણ, ન્યાયદ્રવ્ય, વિશુદ્ધતા.

**આંબેલમાં નહિ વપરાય એવી વસ્તુઓ**–ઘી, દૂધ, દહીં, ગોળ, તેલ, સાકર, કડા (વિગય).

**સ્ત્રીના દોષો (સ્વાભાવિક)**–અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભ, અપવિત્રતા, નિર્દયતા.

**ચોરના પ્રકારો**–ચોર, ચોરી કરનાર, ચોરેલી વસ્તુને વેચનાર, ચોરને અન્ન આપનાર, ચોરીના ભેદને જાણીને મદદ કરનાર, ચોરીનો વિચાર કરી ગોઠવણ કરનાર, ચોરને સ્થાન આપનાર.

**તીર્થંકરોના સાત બોલ**–પ્રભુનું પોતાનું નામ, માતા, પિતા, નગરી, લંછન(ના નામો), શરીર–પ્રમાણ, આયુષ્યપ્રમાણ.

**તૃપ્ત ન થાય એવાં**–અગ્નિ, બ્રાહ્મણ, યમરાજ, રાજા, સમુદ્ર, ઉદર, સ્ત્રી. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આત્મદર્શન

લેખક : મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ

પ્રાચીન સમયની આ હકીકત છે. એક સમૃદ્ધિશાળી વિશાળ અને મનોહર નગરીમાં પ્રજાવત્સલ ધર્મશીલ રાજા રાજ્ય કરતો હતો. તે ખરેખર પ્રજાનું પુત્રવત્ પાલન કરતો હતો. ત્યારે પ્રજા પણ તેનો પિતાતુલ્ય જ આદર કરતી હતી. આ રામરાજ્યના સમયમાં પ્રજાને કોઇ પણ જાતનો ત્રાસ ન હતો. રાજાને કોઇ શત્રુ પણ ન હતો તેથી રાજાએ સૈન્ય પણ સામાન્ય જ રાખેલું હતું. આ રાજાની કીર્તિ–પ્રસિદ્ધિના ઇર્ષ્યાળુ રાજાએ તેને પરાજય આપવા માટે પોતાના સૈન્યને બળવાન્ બનાવી તેના સામે યુદ્ધ કરવાની તૈયારી કરી.

શત્રુરાજાના ઇરાદાની જાણ થતાં આ ધર્મરસિક રાજાએ પોતાના મંત્રીને જણાવ્યું કે–યુદ્ધમાં મારી નિર્દોષ પ્યારી પ્રજાની અને સૈન્યની ખૂવારી સંભવે તેથી મારે યુદ્ધ કરવું નથી. પ્રધાને જણાવ્યું: "રાજન્! યુદ્ધ નહિ કરો તો રાજ્ય જશે અને પ્રજા દુ:ખી થશે માટે યુદ્ધ અવશ્ય કરવું જ જોઇએ." રાજાએ પોતાનો નિર્ણય અફર રાખતાં ફરમાવ્યું કે–હું સંન્યાસી બની જઇશ અને કુટુંબને ભોંયરાદ્વારા નગરી બહાર મોકલી દઇશ. બાદ રાજાએ રાણી અને પુત્રીઓને તરત જ બહાર મોકલી દીધા. પોતાની અમજોની મીલકતના કીંમતી રત્નોનો હાર કરાવી, તેને કાળા રંગથી રંગી, પુત્રના ગળામાં નાખી તેના ઉપર ગોદડી બાંધી. પછી તેને ફરમાવ્યું કે–આ ગોદડી તારે કદી પણ કાઢી નાખવી નહિ અને તારે દૂર દૂર ચાલ્યા જવું. રાજપુત્રને એવી સૂચના કરી, વિદાય કરી, રાજાએ પોતાના મંત્રીદ્વારા શત્રુરાજાને કહેવરાવ્યું કે 'અમારે યુદ્ધ કરવું નથી, હું સંન્યાસી બનીશ સુખેથી તમે મારા રાજ્યને ગ્રહણ કરો અને પ્રજાનું પાલન કરો.'

આ સમાચારના શ્રવણથી તે શત્રુ નૃપતિનું મન પણ પલટાયું. તેને દુ:ખ થયું, તેણે વિચાર્યું કે "મેં ખરાબ કર્યું. મારા કારણે આ રાજા સંન્યાસ લેવા તૈયાર થયો છે". તેણે તે પ્રધાનને જણાવ્યું કે–"તમારા રાજાને સંન્યાસ લેવાની જરૂર નથી. સુખેથી તે પોતાના અને મારા પણ રાજ્યનું પાલન કરે. હું પોતે જ સંન્યાસી થઇશ." રાજાનો વિચાર અફર રહેતાં તેના પુત્રને બન્ને રાજ્યો અર્પણ કરવા શત્રુનૃપે જણાવ્યું. રાજપુત્ર તો ત્યાંથી ચાલ્યો ગયો હોવાથી તેની શોધ માટે પ્રધાન નીકળ્યો. ઘણા સમય સુધી તે ફર્યો પણ રાજપુત્રનો કોઇ પણ સ્થળે પત્તો ન મળ્યો.

લાંબા સમયે પ્રધાનને રાજપુત્રનો મેળાપ થયો. પ્રધાને તેને ગળાની તે ગોદડી કાઢી નાખવા જણાવ્યું. પણ તે ન માનતા ઉલટું તે કહેવા લાગ્યો, 'તમે મારા શત્રુ જણાઓ છો, તેથી ગોદડી કઢાવો છો. મારા પિતાએ તે કાઢવા ના પાડી છે માટે નહિ કાઢું.' મંત્રીએ બળાત્કારે તે ગોદડી કાઢી નાખી, હારના એક રત્નનો રંગ દૂર કરી નાખ્યો. એટલે સૂર્ય જેવો પ્રકાશ થયો. તે જોઇ રાજપુત્ર ખુશ થઇ ગયો. પછી રાજપુત્રે પોતાની જાતે જ બાકીના રત્નોનો રંગ કાઢી નાખ્યો, તો સાચું ભાન થયું તેમ થતાં ગોદડી અને કાળા રંગ ઉપરનો પ્રેમ ખસ્યો. આ રીતે પ્રધાનદ્વારા રાજપુત્રને રત્નનું સાચું જ્ઞાન થતાં ઉપરના–બાહ્ય નકામા પદાર્થો ઉપરનો તેનો રાગ દૂર થઇ ગયો.

તેવી જ રીતે ગુરુદ્વારા જ્યારે આત્માને સાચું આત્મભાન થાય છે કે આત્મદર્શન થાય છે ત્યારે અનાદિકાળનો પણ ગાઢ થયેલ જગતના કહેવાતા મનોરમ અને નયનાકર્ષક વિષયોનો પણ રાગ ખસી જાય છે અને તે વિષયો ખરેખર કડવા ઝેર જેવા જ લાગે છે.

રાજપુત્રને બન્ને રાજ્યો મળ્યા અને પરિણામે તે ઘણો જ સુખી થયો. બન્ને રાજાઓ પણ આ લોકમાં સુખી થયા અને પરલોકમાં પણ સુખી થશે. દુશ્મન રાજા નાના સરખા પણ શત્રુને જીવતો રાખતો નથી, એ રાજનીતિ હોવાથી નૃપે પોતાના નાના સરખા પણ પુત્રને વિદાય કરી દીધો હતો. પ્રજા કે સૈન્યનો પણ સંહાર ન થતાં તે સુખ અનુભવવા ભાગ્યશાળી બન્યો.

એક ધર્મી–આત્મજ્ઞાની આત્મા કેવી રીતે અનેકોને દુ:ખથી મુક્ત બનાવી, શત્રુને પણ કેવી રીતે ધર્મ-વાસિત બનાવી સુખી બનાવે છે અને સંસારના સઘળા દુ:ખોથી દૂર કરનાર આત્મદર્શન પણ કેમ થાય તે આ કથા સારી રીતે સમજાવે છે.

સૌ આત્મદર્શન પામી શાશ્વત સુખી બનવા ઉદ્યમશીલ બનો એ જ એક મંગલકામના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મમાં દેવ–ગુરુ–ધર્મનું સ્વરૂપ

લેખક : માસ્તર ખુબચંદ કેશવલાલ-સિરોહી ( રાજસ્થાન )

એટલું તો ચોક્કસ છે કે કોઇ પણ ધર્મ પ્રવર્તકની ધર્મ પ્રવર્તના કોઇ પણ ઉદ્દેશને અનુસરીને જ હોય છે. એટલે તે તે ધર્મને અનુસરનારાઓએ તે ઉદ્દેશો પ્રત્યે અવશ્ય લક્ષ્યબિંદુ રાખવું જોઇએ. ઉદ્દેશો સારા હોવા છતાં પણ તે ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સાધનપ્રવૃત્તિ ઉત્તમ કોટીની ન હોય તો પણ ઉચ્ચ ઉદ્દેશોની સિદ્ધતા અસંભવિત બને છે. આસ્તિક કહેવાતા સર્વમતોનો ઉદ્દેશ માત્ર મોક્ષપ્રાપ્તિનો જ છે એ અવિસંવાદ વાત છે. તેમ છતાં તે મોક્ષપ્રાપ્તિને યોગ્ય પ્રવૃત્તિ જૈનદર્શનમાં અન્ય દર્શનો કરતાં ભિન્ન કોટીની છે. કોઇ કદાચ એમ કહે કે પ્રવૃત્તિ ભિન્ન છતાં ધ્યેય એક હોવાથી સર્વ દર્શનો સરખાં જ છે યા તો એક જ છે એમ માનવામાં શું વાંધો છે? પણ સર્વ દર્શનને એક જ કહેવાની આ દલીલ વ્યાજબી નથી, કારણ કે મનોરથ માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. ઇચ્છિત સ્થાને પહોંચવા માટે પ્રયાણ કરવાની ગમનપ્રવૃત્તિ માર્ગને અનુરૂપ હોવા જોઇએ. અન્યથા ગમનપ્રવૃત્તિથી ઇચ્છિત સ્થાનની પ્રાપ્તિ અસંભવિત બને છે. એ રીતે મોક્ષપ્રાપ્તિરૂપ ઇચ્છિત સ્થાન પ્રાપ્ત કરવા માટેની પ્રવૃત્તિની ભિન્નતા યા માર્ગની અનભિજ્ઞતાને અંગે ધ્યેય એક હોવા છતાં સર્વદર્શનને સરખા કહી દેવાની માન્યતા જ્ઞાનીઓ તો કદાપિ નહિ જ સ્વીકારે.

જૈનદર્શન એ સ્વતંત્રદર્શન છે. તેની માન્યતામાં અન્ય દર્શનો સાથે અમુક રીતે મળતાપણું હોવા છતાં અન્ય ઘણી રીતે ભિન્નતા છે. તે તે સિવાય મોક્ષપ્રાપ્તિના સાધનરૂપ દેવ, ગુરુ અને ધર્મ અંગેની માન્યતામાં પણ જૈનદર્શન અન્ય દર્શનો કરતાં સર્વથા અલગ છે તે આ લેખમાં દર્શાવવાનું છે, જેથી વાંચકો સ્પષ્ટ સમજી શકશે કે જૈન ધર્મ અન્ય કોઇ ધર્મની શાખારૂપે નથી જ.

જૈન દર્શનમાં દેવ(પરમેશ્વર)ની માન્યતા અને મહત્તા ભૌતિક પદાર્થોની પ્રાપ્તિના મહિમાને અંગે, તેમજ શત્રુના સંહાર કે મિત્ર વા ભક્તના પોષણને અંગે માનવામાં આવી નથી.

જૈનો પૃથ્વી, પાણી, પહાડ કે હવા–ઉજાસના આવિર્ભાવથી પરમેશ્વરની મહત્તા માનતા નથી. અસુર કે રાક્ષસોના નાશને પણ પરમેશ્વર્યરૂપ ગણતા નથી. વળી ભક્તોને ચંદ્રલોક, સૂર્યલોક કે વૈકુંઠ અર્પણ કરવાના સામર્થ્યને ઇશ્વરતા ગણતા નથી, પરંતુ જૈન ધર્મમાં પરમેશ્વરની જે મહત્તા માનવામાં આવી છે, તે કેવલ આત્માના સ્વરૂપને સાચી રીતે જણાવી આત્માના અસાધારણ ગુણોને અસાધારણ રીતે રોકવાવાળાં એવાં કર્મોના આવવાના અને બંધાવવાના રસ્તા સમજાવી, તેના વિપાકોની ભયંકરતા સાચી રીતે વર્ણવીને તેવાં કર્મોને રોકવાનાં સાધનો અને બંધાયેલ કર્મોને સર્વથા તોડી નાખી સર્વથા અને સર્વદાને માટે આત્માના શુદ્ધ સ્વરૂપે આત્માને રહેવાનું સમજાવનાર હોવાથી જૈનોએ પરમેશ્વરની મહત્તા માની છે. જૈન દર્શનકારોનું કહેવું એવું છે કે–જે ધર્મશાસ્ત્રોમાં પૌદ્‌ગલિક બાહ્ય આધિભૌતિક પદાર્થોને કેવલ ઉપાધિરૂપ અને સંસારરૂપ માનવા–મનાવવામાં આવે છે તે ધર્મશાસ્ત્રો પ્રત્યે શ્રદ્ધા ધરાવનારાઓએ પરમેશ્વરની મહત્તા આધિભૌતિક પદાર્થોના સર્જન–વિસર્જન કે દાનદ્વારાએ નહીં માનતાં આત્મદર્શન અને આત્મસ્વરૂપના આવિર્ભાવક તરીકે જ માનવી ઉચિત છે. જૈન ધર્મમાં પરમેશ્વરને દુન્યવી નવાઇમાં મહત્તારોપણ કરી મોટાઇના પદે નહિ ચઢાવતાં સંયમ, તપ, પરિષહસહન, ઉપસર્ગ–પરાજય અને ધર્મ–શુક્લધ્યાની બની, પુણ્ય અને પાપનું સ્વરૂપ તથા છોડવાલાયક, આદરવાલાયક અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવાલાયક પદાર્થની યથાવસ્થિત સ્થિતિ કે જે પોતાના કૈવલ્યથી પોતે સાક્ષાત જાણી છે, અને જેવી રીતે જાણી છે તેવી જ રીતે કોઇ પણ પ્રકારે ઉત્કર્ષ કે અપકર્ષ કર્યાં સિવાય સાચેસાચી રીતે નિરૂપણ કરનારને જ પરમેશ્વર તરીકે માન્યા છે એટલું જ નહિ પણ શુદ્ધ સ્વભાવવાળા ઇશ્વરમાંથી અવતારની કલ્પના જૈન દર્શનમાં કરાઇ નથી. જૈન દર્શન કહે છે કે–ઇશ્વરમાંથી અવતારની કલ્પના કરવી તે નિર્મલતામાંથી મલિનતાનું દર્શન કરાવે છે. મલિનતામાંથી નિર્મલતા થવાની પદ્ધતિને તો સૌ કોઇ સ્વીકારે પરંતુ નિર્મલતામાંથી મલિનતા થવાના માર્ગને બુદ્ધિમાન વ્યક્તિએ અનુસરવું તે ઉચિત ગણી શકાય નહિ.

જૈનધર્મ અવતાર અને ઇશ્વર બંનેને માનવાવાળો છતાં ઇશ્વરમાંથી અવતાર થવાનું નહિ માનતાં અવતારમાંથી ઇશ્વરત્વ ઉત્પન્ન થતું માને છે, અને તેથી જે જે આત્માઓ સંસારમાં મલિનતાના ખાડામાં ખદબદી રહ્યા છે, તે તે મલિન આત્માઓને સર્વથા નિર્મલ થઇ, શુદ્ધ સ્વરૂપમય આત્મ સ્વભાવવાળા થવાને આદર્શ પુરુષ તરીકે દર્શન, ભજન અને ધ્યાન કરવાલાયક ઇશ્વરી સ્વરૂપ સર્જએલું માને છે. દેવતત્ત્વ અંગે જૈનદર્શનની માન્યતા આવા પ્રકારની છે. હવે ગુરુતત્ત્વ અંગે વિચારીએ.

જૈન ધર્મમાં બાળ, યુવાન, વૃદ્ધ, સ્ત્રી અગર પુરુષને સત્સંગ–સત્પુરુષ–પ્રેમ વગેરેના શિક્ષણ કરતાં પ્રથમ શિક્ષણ એ આપવામાં આવે છે કે–હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહથી અત્યંત પર હોય તો જ તે ગુરુ કહેવાય.

આ પ્રકારના શિક્ષણમાં કોઇ પણ કાળે કોઇ પણ સમર્થ કે અસમર્થ વ્યક્તિ તરફથી અપવાદ ઘુસાડી દેવાનું સ્થાન જૈન શાસ્ત્રકારોએ રાખ્યું જ નથી. સંસારસમુદ્રનો પાર પામવાને સદ્દગુરુ એ જહાજ સમાન છે. એટલે સદ્દગુરુની પ્રાપ્તિ કદાચ વિલંબે થાય તેનો વાંધો નહિ પરંતુ કુગુરુના પાસમાં જકડાઇ ન જવાય તેની તકેદારી રાખવા માટે પાસત્થાદિક પાંચ પ્રકારના કુગુરુઓનું પણ બયાન જૈન દર્શનમાં કરાયું છે. પરિગ્રહની પીઠિકા ઉપર પદ્માસન જમાવીને બેઠેલાઓનું ગુરુ તરીકે સ્થાન જૈનધર્મમાં નથી, પરિગ્રહથી સર્વથા પર રહેવાનો માર્ગ જણાવ્યો હોય અને તેનો અમલ બરાબર ચલાવ્યો હોય તો તે જૈન ધર્મના સાધુઓમાં જ છે એ વાત સર્વકાલના ઇતિહાસકારોને પણ કબૂલ કર્યાં સિવાય ચાલતી નથી. જૈન ગુરુઓની વસ્ત્ર, પાત્ર અને ભિક્ષા લેવાની પદ્ધતિ તથા એક કોડી માત્ર પણ પાસે નહિ રાખવાની અને જંગમ કે સ્થાવર મીલ્કતના માલીકીપણાની વૃત્તિથી દૂર રહેવાનું વિધાન જૈન ગુરુઓમાં જેવું છે તેવું અન્ય ગુરુઓમાં ભાગ્યે જ દૃષ્ટિગોચર થશે.

જૈન ગુરુપણું સ્વીકારવા પહેલાં એટલે કે. જૈન સાધુપણું ધારણ કરવા પહેલાં સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ સમક્ષ પાંચ મહાવ્રતોનો સ્વીકાર પ્રથમ નબરે કરવો પડે છે. તેમાં અહિંસાને પ્રથમ સ્થાન આપ્યું છે. એટલું જ નહિં પણ તે અહિંસાના રક્ષણ માટે ઇર્યાસમિતિ આદિ એટલે સમ્યક્પ્રકારે ચાલવું, બોલવું, વસ્ત્ર, પાત્ર–ભિક્ષા ગ્રહણ કરવાં, હરકોઇ વસ્તુ પ્રમાર્જનાપૂર્વક લેવી–મૂકવી, અને ત્યાગ કરવા લાયક વસ્તુનો પણ વિવેકપૂર્વક–જયણાપૂર્વક ત્યાગ કરવો, માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ ઉપર સંયમ રાખવો ઇત્યાદિ આચારો ચારિત્રની માતા તરીકે ગણવામાં આવેલ છે અને તેના પાલનમાં પ્રમાદ ન સેવાઇ જાય તેની ખૂબ તકેદારી રાખવાનું જૈન સાધુઓને માટે જૈન શાસ્ત્રોમાં ફરમાન છે. જૈન સાધુ પાસે વસ્ત્ર, પાત્ર, રજોહરણ, મુહપત્તિ વગેરે જે જે રાખવાનું વિધાન કરવામાં આવ્યું છે તે માત્ર દયાના પાલન અને હિંસાના દોષથી બચવા માટે જ છે. આ ઉપરાંત પણ પરિચયમાં આવનારને સ્પષ્ટ માલૂમ પડશે કે જૈન સાધુઓમાં આચારવિચારોનું જેવું પાલન છે તેવું કડક પાલન અન્યમાં ભાગ્યે જ જોવામાં આવશે. સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક વિચારવામાં આવે તો સમજી શકાશે કે મૌખિક ઉપદેશ કરતાં પણ જૈન સાધુપણાના આચારવિચારોનું પાલન જ જગતને એક

For Private And Personal Use Only

ઉપદેશપણાની ગરજ સારે છે અને તેમાંથી વિશ્વ-શાંતિના અનેક બોધપાઠો શિખાય છે.

હવે જૈન ધર્મ પ્રત્યે દૃષ્ટિપાત કરીએ તો માલૂમ પડશે કે અહિંસા એ જ જૈન ધર્મનો સિદ્ધાંત છે. અહિંસા દરેક ધર્મને માન્ય છે એમાં બેમત નથી જ. આજનો રાષ્ટ્રધર્મ પણ વિશ્વશાંતિ માટે અહિંસાની અતિ આવશ્યકતા સ્વીકારે છે, પરંતુ અહિંસાનું અતિ સ્પષ્ટ સ્વરૂપ જૈન ધર્મ જેવું અન્યની માનેલી અહિંસામાં દેખાતું નથી.

એકલી સ્પર્શ જાણવાની તાકાતવાળો જીવ હોય, સ્પર્શ અને રસ જાણવાની તાકાતવાળો જીવ હોય, સ્પર્શ, રસ અને ગંધને જાણવાની તાકાતવાળો જીવ હોય, સ્પર્શ, રસ, ગંધ અને રૂપને જાણનાર સામર્થ્યવાળો જીવ હોય, સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દને સમજવાના સામર્થ્યવાળો જીવ હોય, એ પાંચ ઇંદ્રિયો ઉપરાંત વિચાર કરવાની શક્તિને ધારણ કરનારો પ્રાણી હોય-ચાહે તો મનુષ્ય હોય કે ચાહે તો જાનવર હોય, પણ તે સર્વની સરખી રીતે દ્રોહ-બુદ્ધિ ટાળવાનો ઉપદેશ માત્ર જૈન ધર્મમાં જ છે. માત્ર મૂડીદારને જ રક્ષણ આપનારું રાજ્ય જેમ ન્યાયી ન ગણાય તેવી જ રીતે સર્વ જીવો સંબંધી દ્રોહબુદ્ધિ સરખી રીતે નિવારવાનો ઉપદેશ આપે નહિ તે ધર્મને અહિંસા ધર્મ કહી શકાય જ નહિ.

આ સ્થાને જણાવવું જરૂરી છે કે અન્ય ધર્મમાં એકલી સ્પર્શને જાણવાની શક્તિ ધરાવનારા પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિની તો જીવ તરીકે ગણતરી જ કરી નથી. જગતભરમાં એક જ એવો જૈન ધર્મ જ છે કે જેની અંદર છએ પ્રકારના પદાર્થોને જીવંત તરીકે માનવામાં આવેલા છે.

अहिंसा परमो धर्मः કહેવા માત્રથી જીવદયા પળાઈ જતી નથી. अहिंसाની આવશ્યકતા સ્વીકારનારાઓએ ભૂતોના ભેદો, ભૂતોનું સ્વરૂપ, એક એક ભૂતની હત્યાનું પ્રાયશ્ચિત કે તે ભૂતોની હત્યા કરનારને થયેલા નુકશાનનાં દૃષ્ટાંતો અગર તે ભૂતોની દયા પાળનારને થયેલા ફાયદાના દાખલાઓ જગત સમક્ષ રજૂ કરવા જોઈએ, તો જ જગતમાં સત્ય અહિંસા વિસ્તૃત બનશે અને ત્યારે જ વિશ્વમાં સત્ય શાંતિ પ્રસરશે. માત્ર સ્થૂલ દૃષ્ટિથી 'અહિંસા અહિંસા' પોકારવાથી કંઈ હિત થવાનું નથી અને આ રીતે અહિંસાનું સૂક્ષ્મ સ્વરૂપ સમજવું હશે-તેનું પાલન કરવું હશે તો માત્ર જૈન ધર્મના સિદ્ધાંતોમાંથી જ પ્રાપ્ત થઈ શકશે.

વળી ધર્મ તત્ત્વની અપેક્ષાએ જૈનોએ ઉત્સવો, અનુષ્ઠાનો, પર્વો અને તહેવારો પણ પાપના પરિહારની વિજય પતાકા ફરકાવવા માટે જ માનેલા છે અને તે તહેવારોમાં ભોગથી પરાંગમુખ રહેવાનું અને ત્યાગને માર્ગે જ સંચરવાનું જે વિધાન છે-જે પ્રવૃત્તિ છે તેવું વિધાન કે તેવી પ્રવૃત્તિ અન્ય ધર્મના તહેવારોમાં નથી.

આ રીતે જૈન ધર્મે માનેલા દેવ, ગુરુ અને ધર્મના સ્વરૂપને જોતાં બુદ્ધિમાન પુરુષોને અવશ્ય સમજાશે કે જૈન ધર્મને હિંદુ ધર્મની શાખા તરીકે માનવી એટલે વિશ્વમાં પરમશાંતિની પ્રાપ્તિરૂપ જૈન ધર્મના સિદ્ધાંતોને દબાવી દેવાની ભયંકર ભૂલ કરવા જેવું છે.


## અધ્યાત્મકલ્પદ્રુમ (શ્રી મહાવીર જૈન વિદ્યાલય-પ્રકાશન)

લેખક-સ્વ૦ મૌક્તિક

ખરેખર જ આત્માની સાચી શાંતિ મેળવવી હોય તો આ ગ્રંથ અવશ્ય વાંચો. સુવર્ણ સરીખા આ ગ્રંથનું વિશેષ વર્ણન શું કરવું ? આ ચોથી આવૃત્તિ જ તેની ઉપયોગિતા જાહેર કરે છે. પાકું હૉલ ક્લૉથ બાઈંડીંગ, સુંદર જેકેટ, ક્રાઉન આઠ પેજી, ૪૮૦ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂા. ૬-૪-૦ લખોઃ-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ આ યુગની મહાન્ વિભૂતિ હતા. જૈન સમાજ અને સંસ્કૃતિના ઉત્કર્ષ માટે તેમણે કરેલું કાર્ય એટલું મહાન્ છે કે તેનું મૂલ્યાંકન થઈ શકે નહીં. આવા આ મહાપુરુષની સ્મૃતિમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય તરફથી એક સ્મારક ગ્રંથ પ્રગટ થનાર છે.

આ ગ્રંથને આચાર્યશ્રીના જીવનની સમીક્ષા ઉપરાંત ભારતના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાનો અને વિચારકોએ ઇતિહાસ, સાહિત્ય, કળા અને તત્ત્વજ્ઞાન ઉપર લખેલ અધ્યયનપૂર્ણ ખાસ લેખોથી સમૃદ્ધ કરવામાં આવેલ છે જે સવિશેષ સ્વાધ્યાયનું કારણ બની રહેશે. ગ્રંથનું આમુખ મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજે લખેલ છે.

આ ગ્રંથમાં પાલીતાણા, આબૂ, અમદાવાદ, ભીલસા, રાણકપુર, કુંભારીઆ, રાજગિરિ, ઉદયગિરિ, ખજુરાહ, વગેરે અનેક સ્થળોના જૈન મંદિરોની કળાસમૃદ્ધિઓ, ચિત્તાનવાસલની જૈન ગુફાના જૈનાશ્રિત કલાના નમૂના રજૂ કરવામાં આવેલ છે. ગોમટેશ્વર( બાહુબલી )ની ૫૬ ફૂટ ઊંચી પ્રતિમાનું ચિત્ર તથા આકોટા, ભીલસા, રાજગૃહી વગેરે સ્થળોની ઐતિહાસિક પ્રતિમાઓ અને સમવસરણના ચિત્રોનો સમાવેશ થાય છે. ફોટોગ્રાફીના નિષ્ણાત શ્રી આર. ભારદ્વાજ, શ્રી જગન મહેતા વગેરે તરફથી તથા મુંબઈ, વડોદરા અને પટણા મ્યુઝિયમ તથા આર્કિયોલોજીકલ સર્વે ઑફ ઇન્ડિયા તરફથી સારી તસ્વીરો પ્રાપ્ત થયેલ છે. દરેક લેખને અંતે મથુરાના જૈન શિલ્પની ચિત્રસામગ્રી મૂકવામાં આવી છે.

તે ઉપરાંત શ્રી સુપાસનાહચરિયંની વિ. સં. ૧૪૭૯-૮૦ની હસ્તલિખિત પોથીમાંના છ રંગીન ચિત્રો, જૈન જાતકોના પ્રસંગવાળી વિ. સં. ૧૫૧૬ માં લખાયેલ કલ્પસૂત્રની સુવર્ણાક્ષરી પ્રતના બે રંગીન ચિત્રો, જૈન સાધ્વીજીઓની ભવ્ય મૂર્તિઓનાં ચિત્રો, શ્રી યશોવિજયોપાધ્યાયનો સં. ૧૬૬૩ માં લખાયેલ વસ્ત્રપટ, તેમના હસ્તાક્ષરવાળી નયચક્રની પોથી તથા શ્રી વિનયવિજયોપાધ્યાય ને વસ્તુપાળના હસ્તાક્ષરોનો સમાવેશ થાય છે.

આવા યાદગાર સ્મારક ગ્રંથનો સમારંભ ચાલુ માસમાં શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપદે યોજાયેલ છે.


નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

**બાર વ્રતની પૂજા—અર્થ સહિત**

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Reg. No. B. 156


નૂતન પ્રકાશન [ શ્રી મહાવીર જૈન વિદ્યાલય પ્રકાશન ] અવશ્ય મંગાવો

# શ્રી આનંદઘનજીનાં પદો

[ ભાવાર્થ અને વિસ્તૃત વિવેચન સાથે ]

સ્વ. શ્રી મોતીચંદભાઈએ વર્ષો પૂર્વે લખેલ અને આપણી સમાજે વખાણેલ આ અપૂર્વ ગ્રંથ કેટલાય વર્ષોથી મળતો નહોતો તે તાજેતરમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયે સ્વ. મોતીચંદભાઈ ગ્રંથમાળાના ત્રીજા મણકા તરીકે પ્રસિદ્ધ કરેલ છે. આ અપૂર્વ ગ્રંથને માટે કંઈ પણ વિશેષ લખવાની જરૂર નથી.

પચ્ચાસ પદોનું સવિસ્તૃત વિવેચન તેમજ શ્રીમદ્ આનંદઘનજીના જીવન સંબંધી હૃદયંગમ તલસ્પર્શી વિવેચન તથા તત્કાલીન મહાપુરુષોનો પરિચય આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

પાકું હોલક્લોથ બાઈન્ડીંગ, ૬૦૦ પૃષ્ઠ, સુંદર છપાઈ છતાં મૂલ્ય માત્ર રૂા. સાડાસાત

લખોઃ-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

— પ્રસિદ્ધ થઈ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીક છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મગાવી લેશો.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

નવપદારાધન માટે અતિ ઉપયોગી — સિદ્ધચક્રસ્વરૂપદર્શન (સચિત્ર)

નવે દિવસની ક્રિયા-વિધિ, ખમાસમણા, નવકારવાળી, કાઉસગ્ગ, શ્રી સિદ્ધચક્રયંત્રોદ્ધાર-પૂજનવિધાન વિગેરે વિગતો સાથે શ્રી સિદ્ધચક્રના નવે પદનું સંક્ષિપ્ત સુવાસર સ્વરૂપ છતાં મૂલ્ય માત્ર આઠ આના.

લખોઃ—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રક : સાધના મુદ્રણાલય : : દાણાપીઠ-ભાવનગર